નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળના સંવર્ગોમાં સીધી ભરતીથી નિમણૂંક કરી ભરવાની થતી જગ્યાઓમાં દિવ્યાગ ઉમેદવારો માટે ૪ ટકા જગ્યાઓ અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:મકમ/૧૧૨૦૧૪/૩૬૨૩૦/અ
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૪/૦૫/૨૦૨૪

વંચાણે લીધા;

1. સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭/૦૯/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ-૨
2. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૧૮/૦૪/૨૦૨૨ અને તા:૦૫/૦૭/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:મકમ/૧૧૨૦૧૪/૩૬૨૩૦/અ
3. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૮/૦૮/૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક:અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪).
4. દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સમાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ભારત સરકારના તા:૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક:૩૮-૧૬/૨૦૨
5. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૦૬/૦૫/૨૦૨૪નો પત્ર ક્રમાંક:વિજાક/અમશ/૨૦૨૨-૨૩/૯૪

આમુખ:

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ – ૧ પરના ઠરાવથી, The Rights of Persons with Disabilities Act, 2016ની કલમ-33 મુજબ, સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગજનો માટે રાજ્ય સરકારની સેવાઓ/જગાઓમાં ચાર(૦૪) ટકા અનામત રાખવા અંગેની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે વિભાગના વંચાણે લીધેલ ક્રમ - ૨ પરના ઠરાવોથી વિકસતી જાતિ કલ્યાણ હેઠળના વિવિધ સંવર્ગોમાં સીધી ભરતીથી ભરવાપાત્ર જગ્યાઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે ૪% જગ્યાઓ અનામત રાખવાનું ઠરાવવામાં આવેલ છે તથા ઉક્ત સંવર્ગોમાં દિવ્યાંગ ઉમેદવારો માટે દિવ્યાંગતાઓ સુનિશ્ચિત કરવામાં આવેલ છે. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ - ૩ પરના પરિપત્રથી ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમ – ૪ પરના જાહેરનામામાં જે સંવર્ગોની દિવ્યાંગતાઓ નક્કી થયેલ છે તે સંવર્ગો સાથે જે તે વિભાગના સંવર્ગો સામ્યતા

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 14-May-2024 (12:50 PM)

ધરાવતા હોય તો તેવા સંવર્ગો માટે ભારત સરકારે નક્કી કરેલ દિવ્યાંગતાને માન્ય ગણવાની રહેશે અને આ માટે જે તે વિભાગના સચિવશ્રીએ પોતાની કક્ષાએથી હુકમો બહાર પાડવાના રહેશે તે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમ – ૫ પરના પત્રથી, ખાતા હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓના શિક્ષકો તથા ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાના આચાર્ય, શિક્ષક, જુનિયર ક્લાર્ક અને ફિલ્ડ આસીસટન્ટ જેવા સંવર્ગોમાં દિવ્યાંગ ઉમેદવારો માટે દિવ્યાંગતાઓ સુનિશ્ચિત કરવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, The Rights of Persons with Disabilities Act, 2016 મુજબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર હસ્તકની અનુદાનિત નિવાસી શાળાઓ અને ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાના નીચે મુજબના સંવર્ગોમાં દિવ્યાંગ ઉમેદવારો માટે સીધી ભરતીના કિસ્સામાં ભારત સરકારના તા:૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામામાં માન્ય રાખેલ નીચે દર્શાવેલ દિવ્યાંગતાઓ સુનિશ્ચિત કરવાનું આથી ઠરાવવામાં આવે છે:-

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | દિવ્યાંગતાનો પ્રકાર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D & E |
| ૧. | આચાર્ય (ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળા) | ૨ | B, LV | D, HH | OA, BA, OL, BL, LC, Dw, AAV | SLD, MI, MD (involving a to d) |
| ૨. | મદદનીશ શિક્ષક (ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળા) | 3 | B, LV | HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI, MD (involving a to d) |
| ૩. | જુનિયર ક્લાર્ક (ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળા) | 3 | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD (M), SLD, MI, MD (involving a to d) |
| ૪. | ફિલ્ડ આસીસટન્ટ (ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળા) | 3 | LV | D, HH | OL, CP, LC, Dw, AAV | ASD (M), ID, SLD, MI, MD (involving a to d) |

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 14-May-2024 (12:50 PM)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫. | મદદનીશ શિક્ષક (અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા) | 3 | B, LV | HH | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI, MD (involving a to d) |

**CATEGORY ABBREVIATIONS USED** : B = Blind, LV = Low Vision, D = Deaf, HH = Hard of Hearing, OA = One Arm, OL = One Leg, BA = Both Arm, BL = Both leg, OAL = One Arm and One Leg, BLOA = Both Leg & One Arm, BLA = Both Legs Arms, CP = Cerebral Palsy, LC = Leprosy Cured, DW = Dwarfism, AAV = Acid Attack Victims, MDy = Muscular Dystrophy, ASD = Autism Spectrum Disorder (M-Mild, MoD-Moderate), ID = Intellectual Disability, SLD = Specific Learning Disability, Mi = Mental Illness, MD = Multiple Disabilities.

૨. આ ઠરાવ વિભાગની સમાનાંકી ફાઇલ પર તા:૧૩/૦૫/૨૦૨૪ના રોજ સક્ષમ કક્ષાએ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 14-May-2024 (12:50 PM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના:-

- માન. મંત્રીશ્રી (સામાજીક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા. ક. મંત્રીશ્રી (સામાજીક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/3 ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સેક્શન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ સદર ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂં...
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ ૨૦૨૪